# જિલ્લાકક્ષાએ કિસાન માધ્યમિક વિદ્યાલયનું ગૌરવ

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા યાત્રા અંતર્ગત શાળા અને કોલેજોમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં મહિસાગર જિલ્લામાં પણ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના જીવન પર આધરિત નિબંધ સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા અને પ્રશ્નોત્તરી સ્પર્ધા  જેવી પ્રવૃતિઓનું આયોજન જીલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી મહીસાગર  દ્વારા કરવામાં આવ્યું હતું. તારીખ 27 /10 /2018 ના રોજ જિલ્લાકક્ષાની આ સ્પર્ધાઓ યોજાઈ ગઈ. જેમાં કિસાન માધ્યમિક વિદ્યાલય શાળા નો દેખાવ ખૂબ જ ઉત્તમ રહ્યો હતો. જેમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રશ્નોત્તરીમા મકવાણા ઇન્દ્રવદન ભુપેન્દ્રભાઈ અને નિબંધ સ્પર્ધામાં પટેલ ધ્યેય સંજયભાઈ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું નામ જિલ્લા કક્ષાએ રોશન કર્યું છે. આ બંને વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. આ બંને વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી તેમજ ***OKC SANKUL***ના પ્રમુખશ્રી મૌલિકભાઈ પટેલ સાહેબે પણ અભિનંદન પાઠવ્યા છે

બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્તમ દેખાવ કરી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી હતી.

